ગાંધીનગર સમાચાર

ઘ-૨ થી ઘ-૩ વચ્ચે વન-વે કરી દેવાતા વાહનચાલકો ગોથે ચઢયા

# દસકામાં રાજ્યપાલશ્રીનું સૌથી ટુંકુ સંબોધન

## રાજ્યપાલના સંબોધન પહેલાં વિપક્ષી નેતાએ રજુઆત કરતાં પ્રવચન મોડુ શરૂ થયુ : વિવિધતામાં એકતા જેવુ વેશપરિધાન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાનું આજથી અંદાજપત્ર સત્ર શરૂ થયુ છે. છેલ્લા દસકામાં સૌથી ટુંકુ સંબોધન રાજ્યના રાજ્યપાલશ્રીએ આજે ગૃહના આરંભે કર્યુ હતુ. વિપક્ષોએ નલિયાકાંડના મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો અને જેને પરિણામે રાજ્યપાલશ્રીએ માત્ર ૪ જ મિનિટમાં પોતાનું ભાષણ સંપન્ન કરી વાંચ્યા બરાબર ગણી લેવાની જાહેરાત કરી હતી.

આજે ગૃહમાં પહેલીવાર વિપક્ષના નેતાએ રાજ્યના રાજ્યપાલશ્રીના સંબોધન પહેલાં તેમને નલિયાકાંડની તપાસ માટેની રજુઆત કરી હતી અને વિપક્ષના નેતા બોલી રહ્યા પછી રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનની શરૂઆત કરી હતી જે પણ કદાચ પહેલી ઘટના હશે.



**વિધાનસભાના દ્વારેથી**

**- પ્રકાશ જહા**

આજે રાજ્ય વિધાનસભા ગૃહને રાજકીય વર્તુળોમાં જે ચર્ચા હતી તેનો તોફાની આરંભ થયો હતો. જો કે અધ્યક્ષ રમણલાલ વોરાએ પહેલાં બે વખત ગૃહની કામગીરી સ્થગિત કરી પરંતુ આ પછી વિપક્ષે હંગામો ચાલુ રાખાતાં અધ્યક્ષે તેમની સત્તાની રૂએ નિયમોના નિયમ ૫૧ હેઠળ હંગામો કરી રહેલા સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવાના નિર્ણયની જાહેરાત કરી હતી.

**● વિવિધ વેશપરિધાન સભ્યોનો**

આજે ગૃહમાં કોંગ્રેસના સભ્યો કાળા વસ્ત્રો પરિધાન કરી આવ્યા હતા. તો ભાજપમાં જોડાયેલા નલિન કોટડિયા અસલી કાઠિયાવાડી ખેડૂતનો વેશ પરિધાન કરી આવ્યા હતા. મોદી સ્ટાઈલની બંડી પહેરી આવનારા ભાજપના સભ્યો પણ હતા.

મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખ વાઘાણી કેસરી બંડી પરિધાન કરી આવ્યા હતા. જો કે પ્રદેશ પ્રમુખની બંડી પાછળ કમળનું નિશાન હતુ. જયંત બોસ્કી કેસરી શર્ટ પહેરી આવ્યા હતા. મોટા ભાગના સભ્યો પેન્ટ શર્ટ અને ઝભ્ભો-લેંઘો પહેરી આવ્યા હતા.

**● સૌ મળ્યા ને હરખાયા**

ગૃહના પ્રારંભે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા સત્તાધારી પક્ષના સૌ સભ્યોને મળી હસ્તધૂનન કરતાં બધા હરખાયા હતા. જો કે ભાજપ-કોંગ્રેસના સભ્યો પણ એકબીજાને મળી અને શુભેચ્છાઓની આપલે કરતા જણાયા હતા.

વિધાનસભાની મહિલા સભ્યો પણ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને વિરામની પળોમાં મળી શુભેચ્છા પાઠવતી નજરે પડી હતી. તેમણે બધી મહિલા સદસ્યો સાથે કેટલીક હળવી પળો પણ માણી હતી.

**● શોકદર્શક ઉલ્લેખો**

આજે વિધાનસભામાં શોક દર્શક ઉલ્લેખો થયા હતા. તામિલનાડુના મુખ્યમંત્રી ઉપરાંત રાજ્યના બે પૂર્વમંત્રી ગાભાજી ઠાકોર તથા ભોળાભાઈ પટેલ અને લક્ષ્મણ બાગઠના દુઃખદ અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો બાદ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

**● ગૃહમાં ૧૩ વિધેયક આવશે**

રાજ્ય વિધાનસભાના આ અંદાજપત્ર સત્રમાં ૧૩ જેટલા મહત્વના સરકારી વિધેયકો રજુ થનાર છે. આજે ગૃહમાં રાજ્યપાલશ્રીની મંજૂરી મળી ગઈ છે તેવા વિધેયકોની જાણકારી પણ વિધાનસભાના સચિવ પટેલે આપી હતી.

**● અને છેલ્લે...**

રાજ્ય વિધાનસભા ગૃહમાં મંગળવારથી પ્રશ્નોત્તરીનો કાળ પણ આરંભાશે. જે ગૃહને વધુ ઉત્તેજીત બનાવશે તેમ મનાઈ રહ્યું છે.

# પાટનગરમાં કોંગ્રેસનો હલ્લાબોલ

## નલિયાકાંડના વિરોધમાં કોંગ્રેસે મહાસભા યોજીને વિધાનસભાના ઘેરાવો કરવા કૂચ કરતા ઝપાઝપી અને ટીંગાટોળીના દશ્યો સર્જાયા : પોલીસે ફોર લેયર બનાવી કોંગ્રેસના વિધાનસભા કાર્યક્રમને નિષ્ફળ બનાવ્યો : ૩૦૦થી વધુની અટકાયત









નલિયાકાંડના વિરોધમાં ગાંધીનગર ખાતે વિધાનસભાના પ્રથમ દિવસે જ મહાસભા યોજી વિધાનસભા ઘેરાવનું એલાન કર્યુ હતુ. નલિયાથી બેટી બચાવો યાત્રા નિકાળીને ગાંધીનગર લાવ્યા બાદ આજે મહાસભા શરૂ કરવામાં આવી હતી. કોંગ્રેસના આક્રમક મુડને જોઈને પોલીસે લોખંડી પહેરો વિધાનસભા ફરતે અને સે. ૬ સત્યાગ્રહ છાવણી આસપાસ ગોઠવી દીધો હતો. આજે બપોરે મહાસભા સંપન્ન થયા બાદ કોંગી આગેવાનો-કાર્યકરો દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા. ૨૦

નલિયાકાંડના વિરોધમાં પાટનગરમાં આજે કોંગ્રેસ દ્વારા નલિયાથી ગાંધીનગર સુધી 'બેટી બચાવો' યાત્રા આવી હતી. સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે યોજાયેલી મહાસભા સંપન્ન થયા બાદ અગાઉથી જાહેર કરાયેલા વિરોધ કાર્યક્રમ મુજબ કોંગી આગેવાનો-કાર્યકરોએ વિધાનસભા તરફ કૂચ કરી હલ્લાબોલ કર્યો હતો. જો કે પોલીસે ફોર લેયર બનાવીને ઘ-રોડ પરથી જ ૩૦૦થી વધુ આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. ડીટેઈન કામગીરી દરમ્યાન પોલીસ અને કોંગી કાર્યકરો-આગેવાનો વચ્ચે ઝપાઝપી અને ટીંગાટોળીના દશ્યો સર્જાવા પામ્યા હતા. તો બીજી તરફ કેટલાક આગેવાનો તો ચાલતા ચાલતા સીધા પોલીસવાનમાં જ બેસી ગયા હતા અને અટકાયત વ્હોરી લીધી હતી.

ગુજરાત કોંગ્રેસ દ્વારા

### સચિવાલય ગેટ નં. ૧ સામે મોદીના પૂતળા દહનનો પ્રયાસ

**કોંગી આગેવાનો અટકાયત બાદ મુક્ત થતા જ ગેટ નં. ૧ પાસે પહોંચી ગયા ને પૂતળુ બાળવા પ્રયત્ન કર્યો ત્યાં જ પોલીસ આવી ગઈ અને ફરી તેમને ડીટેઈન કર્યા**

મહાસભા બાદ કોંગી આગેવાનો-કાર્યકરોએ વિધાનસભા ઘેરાવ કરવા કૂચ કરતાં અટકાયત કરી લેવામાં આવ્યા હતા અને તમામ ૩૦૦ જેટલા અટકાયતીઓને એસપી ઓફીસ લઈ જવાયા હતા. બપોરે અટકાયતીઓને મુક્ત કરતાં જ અટકાયતીઓ પૈકી જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી તથા ધારાસભ્યો અમિત ચૌધરી, બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ, અનિલ જોષીયારા, મહેન્દ્રસિંહ વાઘેલા, શૈલેષ પરમાર, બદરૂદ્દીન શેખ સહિતના આગેવાનો ગાડીઓ લઈને મોદીનું પુતળુ લઈ સચિવાલય ગેટ નં. ૧ સામે પહોંચી ગયા હતા. પોલીસ ગેટ પર જ ઉભી હતી. પુતળુ ગાડીમાંથી નિકાળીને સળગાવવા ગયા ત્યાં જ પોલીસે પુતળુ આંચકી લઈ પૂતળાદહન કાર્યક્રમ પણ નિષ્ફળ બનાવ્યો હતો અને તમામની પુનઃ અટકાયત કરી લેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ અટકાયતીઓની યાદીમાં શંકરસિંહ વાઘેલાનું પણ નામ જોવા મળ્યુ હતુ. જો કે પોલીસના કહેવા મુજબ શંકરસિંહની અટકાયત થઈ ન હતી. તો યાદીમાં આ નામ કેવી રીતે આવ્યુ તે અંગે પણ એસપી વિરેન્દ્રસિંહ યાદવે તપાસ કરી છે.

# આજે બજેટમાં મહત્વની જાહેરાતો થશે

## તંત્રને લોકાભિમુખ બનાવવા અને વિકાસને સંતુલિત કરતી જાહેરાતોનો સમાવેશ થશે

ગાંધીનગર, તા.૨૦

રાજયના નાણાં મંત્રીશ્રી નીતિન પટેલ આજે રાજય વિધાનસભા ગૃહમાં રાજયના અર્થતંત્રને વધુ સંતુલિત બનાવવા માટેના કેટલાક રચનાત્મક પગલાંઓ સાથે તંત્રને લોકાભિમુખ બનાવવા માટેના મહત્વના પગલાંઓની જાહેરાત કરશે.

રાજયના નાણાંમંત્રી નીતિન પટેલ આમ તો વિધાનસભામાં પોતાનું બીજુ બજેટ રજુ કરવા જઈ રહ્યા છે પણ ચૂંટણીનું વર્ષ હોવાથી તેઓ નવા વેરાઓ લાદવાથી દૂર રહી તંત્ર વધુ પ્રજાભિમુખ બને તે દિશામાં કેટલીક મહત્વની જાહેરાતો કરે તેમ મનાઈ રહ્યું છે.

કરકસર પૂર્ણ વહીવટ સાથે તેઓ તેમના અંદાજપત્રીય પ્રવચનોમાં રાજયના અર્થતંત્રને સંતુલિત કરવા માટે કેટલીક મહત્વની જાહેરાતો કરશે. તેઓ રાજયનું વધતુ જતુ દેવું રોકવા માટે તેમજ તેમાં ઘટાડો થાય તે માટે કેવા પગલાં સૂચવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

બિનકર પાત્ર આવકમાં વૃધ્ધિ મેળવવા પર તેઓ ધ્યાન કેન્દ્રીત કરશે. આ ઉપરાંત સામાજિક સેવાઓના સુધાર અને સઘન બનાવવા માટે પણ પગલાં ભરશે. આ બજેટમાં શિક્ષણમાં અપાતી સહાયના ધોરણો સુધારવા ઉપરાંત ગુજરાતમાં ગ્રીન રિવોલ્યુશન માટે પણ જાહેરાતો કરી કૃષિ, પશુપાલન વિકાસની સાથે સાથે વન વિકાસ પર ભાર મુકાશે.

તેઓ તેમના અંદાજપત્રમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓના વેતનમાં વધારાની વાત રજુ કરી કર્મચારીઓમાં પ્રવર્તતા અસંતોષને દુર કરશે એટલું જ નહિ મોંઘવારી ભથ્થાની ચડત રકમની ચુકવણી અને ભથ્થાઓના દરમાં પણ સુધારા સૂચવશે તેમ મનાઈ રહ્યું છે.

નવા નિયમો અંતર્ગત આ આખુંય અંદાજપત્ર તયાર કરાયું હોવાથી બિન યોજનાકીય ખર્ચમાં કેટલો કાપ મૂકે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. તેઓ તેમના આ બજેટમાં રાજયની મહેસુલી આવક વધારવાના પગલાંઓ કેવા ભરે છે તે બાબતે સોની ઉત્સુકતા વધી જવા પામી છે.

નાણાં વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તેઓ ધારાસભ્યોના ફંડમાં વધારો કરી અને વિકાસને અગ્રતા આપી રાજયના

● અનુસંધાન પાન-૭ પર

### પાટનગર યોજનાના બજેટમાં કાપ મુકાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના નાણાંમંત્રી નીતિન પટેલ આજે તેમના દ્વિતીય અંદાજપત્રમાં પાટનગર યોજના પ્રભાગની જોગવાઈઓમાં કાપ મુકશે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર શહેરમાં વિકાસ માટે અલાયદા રચાયેલા પાટનગર યોજના પ્રભાગની અંદાજપત્રીય જોગવાઈઓમાં કાપ આવી શકે છે.

પાટનગર યોજના એક સમયે નગરના વિકાસનું કેન્દ્ર બિંદુ હતુ પરંતુ હાલ છેલ્લા ત્રણેક વર્ષથી વયમર્યાદાને લઈ નિવૃત્તિને કારણે આ તંત્ર ખોડંગાઈ ગયુ છે. બીજી તરફ નગરમાં વિકાસ માટે હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અસ્તીત્વમાં આવી ગઈ છે. નગરમાં વિકાસના લગભગ તમામ કામો પુરા થયા છે નવા માટે હમણાં કોઈ ઉતાવળમાં સરકાર છે નહિ. શહેરના વિકાસને વેગીલો બનાવવા ઈ. હરાજી કરી હતી.

રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટેની કામગીરી આરંભાઈ ચુકી છે તો બહુમાળીય સરકારી આવાસોની કામગીરી પણ પ્રગતિમાં છે. જે આ વર્ષે સંપન્ન થઈ જશે. આ ઉપરાંત સચિવાલય સંકુલમાં આધુનિક પાર્કિંગ તેમજ વિધાનસભાના રિનોવેશનની કામગીરી પણ પ્રગતિમાં છે. શહેરના ઉદ્યોગોના નવીનીકરણ માટે મનપામાં જરૂરી જોગવાઈઓ થયેલી છે.

આ બધી જ પરિસ્થિતિ પછી સરકાર આ વર્ષે બજેટની જોગવાઈમાં કાપ મુકે તેવી શક્યતાઓ વધુ છે. મેટ્રો પ્રોજેક્ટ પણ ૨૦૧૮ બાદ હાથ ધરાશે એટલે હાલ નવી જોગવાઈ કરવાની ઉતાવળમાં સરકાર નથી.

ગાંધીનગર શહેરનો સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ સમાવેશ થવાની શકયતાઓને લઈ કેન્દ્રીય બજેટમાંથી નાણાં ઉપલબ્ધ થવાના છે ત્યારે વિકાસની જોગવાઈઓ બેવડાય નહિ તેના પર પણ સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

# ઘ-૨ થી ઘ-૩ વચ્ચે વન-વે કરી દેવાતા વાહનચાલકો ગોથે ચઢયા

ગાંધીનગર તા ૨૦

કોંગ્રેસ દ્વારા નલિયા કાંડના વિરોધમાં આજે ગાંધીનગર ખાતે રેલી યોજવામાં આવી હતી. જયારે વિધાનસભા સત્રના પ્રારંભે કોંગ્રેસ પ્રેરિત રેલી અને મહાસભા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પુરતો પોલીસ બન્દોબસ્ત તૈનાત કરી દેવાયો હતો. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકને પણ થોડા સમય માટે ડાયવર્ટ કરી દેવાયો હતો. કોંગ્રેસની રેલીના લીધે નગરના મુખ્ય માર્ગ પર ટ્રાફિકના સિનારીયો બદલાયો હતો. જેના લીધે સ્થાનિક નાગરિકોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.



શહેરના મુખ્ય માર્ગ ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૩ વચ્ચેની ટ્રાફિકની અવરજવર થોડીવાર માટે વન વે કરી દેવામાં હતી ઘ માર્ગ પર બપોર બે કલાક દરમિયાન વન વે ટ્રાફિક ચાલુ રહયો હતો. જયારે એકબાજુના ટ્રાફિકને નગરના આંતરિક માર્ગ તરફ ડાયવર્ટ કરી દેવાયો હતો. પોલીસ બન્દોબસ્ત વચ્ચે ઘ-૨ થી આગળ જતા ટ્રાફિકને આગળ વધતો અટકાવી દેવાયો હતો. વાહનોને આંતરિક માર્ગ તરફ ડાયવર્ટ કરી દેવાયા હતા. કોંગ્રેસની રેલી અને મહાસભાના લીધે નગરના મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. પથિકાશ્રમ પાસે પણ ટ્રાફિક જામ થતા વાહનચાલકો ગોથે ચઢયા હતા જેમાં બહારગામથી આવતા મુલાકાતીઓને આંતરિક માર્ગોના રોડ મેપથી અજાણ હોવાથી તેમને વિશેષ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. શહેરના મુખ્ય માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો હતો. જયારે પીક અવર્સમાં પણ ટ્રાફિકને લગતી સમસ્યાઓથી વાહનચાલકો ગોથે ચઢયા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com